





નિર્દોષ-કૂમળાં બાળકોને મરાવે છે બાપુ!
મેલી વિદ્યા સાથે મેલી વૃત્તિ ધરાવે છે બાપુ!
અહીં પણ જરૂર છે એક 'દાભોલકર' જેવાની -
'વશીકરણ' થી કાયદાને ડરાવે છે બાપુ!
(મેલી વિદ્યા - મહારાષ્ટ્ર જેવા કાયદાની જરૂર)

દેવો પડશે!
'ડોલર' બોલવાનો -
પણ રૂપિયો!!
(રૂા.ની પતન)

'જુગટું' રમ્યા!
હાર્યા નાગનું શીશ! -
ને પડી પ્રથા..
(સાતમ-આઠમ, જુગાર)




## ચિંતન

**ન દુર્જનઃ સાધુદશામુપૈતિ બહુ પ્રકારૈપિ શિક્ષ્યમાણઃ ।**
**આમૂલ સિક્તઃ પયસા ઘૃતેન ન નિમ્બ વૃક્ષો મધુર ત્વમેતિ ॥**

'જેવી રીતે, લીમડાના વૃક્ષને ઘી અને દૂધથી સિંચવા છતાંય તેનામાં કદાપિ મિઠાશ આવતી નથી તેમ દુર્જન-ખરાબ સ્વભાવની વ્યક્તિને અનેક પ્રકારે બોધ આપી સમજાવામાં આવે તો પણ તેનામાં સજ્જનતાનો વિકાસ થતો નથી, અર્થાત તેના સ્વભાવમાં કોઇ પ્રકારનો ફેરફાર થતો નથી.'

કોઇનો પણ મૂળ સ્વભાવ, 'પ્રકૃતિ'ને બદલવી અશક્ય છે, કહે છે કે કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી, પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય..

સ્વભાવ-પ્રકૃતિ અને પૂર્વજન્મના કર્મોથી બધાનાં ભાગ્યનો અંશ છે માણસ પોતાના સ્વભાવથી જ સુખી કે દુખી થાય છે, આ સુખ-દુખ ભોગવવા જ આપણે સંસારમાં આવ્યા છીએ એટલે જ ઇશ્વરે આપણને આવો (જેવો હોય તેવો) સ્વભાવ આપ્યો છે. શંકા કરવી-અવિશ્વાસ કરવો - ઉદ્ધતાઇ ભર્યું વર્તન-કોઇનું શોષણ કરવું, દુઃખ આપવું વગેરે કે એથી વિપરીત સદ્‌ભાવ-ક્ષમાવાળો સ્વભાવ એ પૂર્વજન્મોનાં કર્મનું જ પરિણામ છે.

જો સ્વભાવ-પ્રકૃતિ બદલી જાય તો ઇશ્વરીય 'કોમ્પ્યુટર'માં જ પરિવર્તન કર્યું કહેવાય!!

## સુવિચાર

- ચતુરાઇ દરબારીઓ માટે ગુણ ગણાય છે પણ સાધુ માટે દોષ - **સંત રોબિન**
- માણસ ધનની સ્થિરતા માટે વલખા મારે છે, પણ મનની સ્થિરતા માટે પ્રયત્નશીલ રહેતો નથી પરિણામે અસ્થિર મન પૈસા હોવા છતાં માણસના જીવનનો અસ્થિરતાનું જ નિર્માણ થવાનું નિમિત્ત બને છે - **સુભાષિત**
- પ્રગતિનો અર્થ કેવળ વૈભવ-વિલાસ, આનંદ-પ્રમોદનાં સાધનોનો ભંડાર નહીં... પણ આત્મિક સ્વચ્છતા અને સ્વસ્થતાની સાધના અને એ જ સાધનામાંથી ઉદ્‌ભવેલો આત્મ સંતોષ - **આચાર્ય વિજયચંદ્ર**
- 'જન બળ' અને 'ધન બળ' ના જોરે 'મોટા'માં ખપી તો જવાય પણ 'મહાનતા' તો ગુણ સંપન્ન બનવાથી મળે - **જીનેન્દ્રજી**
- આજના માણસનું મન વિહ્‌વળ છે, પરિણામે એણે જયાં થોભવું જોઇએ, ત્યાં થોભી શકોત નથી, અને આત્મદર્શન કરવા માટે એને ફુરસત કદાચ મળે એવો ઇરાદો નથી- **માનસ સૂત્ર**
- જ્ઞાન, વિજ્ઞાન અને બુદ્ધિ - એ ત્રણેય માણસને જાણકારી પ્રાપ્ત કરવાનાં દ્વાર ખોલી આપે, પણ શું જાણવું, શું માણવું, શું પરખવું અને શું પામવું એનો વિવેક (સીમા) તો માણસે જ દેખાડવાનો છે - **ધર્મ સૂત્ર**
- બદલવાની વૃત્તિને મનોભૂમિમાં દફનાવી શકે તેમ જ પ્રસન્ન રહી શકે બસ એકવાર આવી પ્રસન્નતા મન-હૃદયમાં રેલાવા લાગે એટલે માણસને પરમ શાંતિની અનુભૂતિ થાય, મન શાંત બને, પછી કોણ શત્રુ?? - **શાસ્ત્રી સ્વામિ**

## બોધ કથા

પ્રેરણા-નકલ-સ્પર્ધા-હરિફાઇ અને ઇર્ષા છે તો બધા પ્રોત્સાહન મેળવવાનાં જ સ્રોત પણ દરેકમાં આંતરિક મનોદશા-ભાવનો મોટો તફાવત રહેલો છે જે થોડુંક જ ઊંડું ચિંતન કરવાથી સમજમાં આવી જશે.

અમિતાભ બચ્ચન અને રાજેશ ખન્ના 'આનંદ' 'નમકહરામ' માં સાથે હતા ત્યારે રાજેશ ખન્ના મુખ્ય 'હીરો' હતા અને 'આનંદ'માં પ્રશંસનીય કામ કર્યું - ત્યારે અમિતાભે ઇર્ષા કે નકલ ન કર્યા પણ 'પ્રેરણા'થી પ્રોત્સાહિત થયા અને આજે શ્રેષ્ઠ 'હીરો' છે.

ગાયક મૂકેશે પ્રથમ ગીત 'દિલ જલતા હૈ તો જલને દે' સાયગલની 'નકલ' માં ગાયું પણ પછી સાવધાન થઇ ચેતી ગયા અને 'મૂકેશ'ની પોતાની પ્રતિભા વિકાસવી.

કિશોરકુમારે પણ શરૂઆત તો 'સાયગલ'ના અવાજની નકલથી કરી પણ મોટાભાઇ 'અશોકકુમાર' તેને શાસ્ત્રીય સંગીતના જાણકાર પાસે લઇ ગયા. શાસ્ત્રીય તાલીમ અપાવી ત્યારે પંડિતે તેમને સ્પષ્ટ સૂચના આપી 'સાયગલ' ને ભૂલી જાવ - નકલ છોડી દો - તમારે સાયગલ નહીં પરંતુ 'કિશોરકુમાર' જ બની પ્રતિષ્ઠા મેળવવાની છે.

... પરિણામે 'કિશોરકુમાર' એમના જમાનાના શ્રેષ્ઠ ગાયક સાબિત થયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# યુવાનોનો ગૂંગળાતો શ્વાસ...!! ઘરમાં પગ મુકતાં જ પ્રશ્નો અને અપમાન..!!


## ઘર એટલે જેલ?? યંગસ્ટર્સને ઘરે રહેવામાં, ઘરનાં સાથે વાત કરવામાં, ઘરનાં નાનાં-મોટાં બે-ચાર કામ કરવામાં, આટલો પ્રોબ્લેમ કેમ થાય છે? મિત્રોથી સપોર્ટ અને પેરેન્ટસથી હર્ટ!!

### Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

અબોલા, ઘુસફુસ, રીસાવું એનાથી ગૂંગળાતા ઘરમાં એવું તો શું બગડેલું હોય છે? કે યુવાનો ઘરમાં રોકાવા તૈયાર થતાં નથી. ઘરના સાથે વાત કરવામાં કે બે-ચાર નાનાં કામો કરવાં આટલો પ્રોબ્લેમ કેમ થાય છે? ઉંમર વર્ષ ૧૭ થી ૨૨, કેટલાક સંતાનોમાં એકના એક થાય છે? ઉંમર વર્ષ ૧૭ થી ૨૨, કેટલાક સંતાનોમાં એકના એક તો કેટલાંક ચાર સભ્યોનાં પરિવારનાં, મોટાભાગનાને મા-બાપે પુષ્કળ લાડકોડથી ઉછેરેલાં અને છતાંય એમનું અને એમનાં મા-બાપનું બને નહીં. ૩૬નો આંકડો જ સમજોને બંને વચ્ચે. મા-બાપ બાળકોને તળીયે બેસી ગયેલાં સિક્કા જેવાં માને તો બાળકો મા-બાપને શત્રુ નંબર વન તરીકે જુવે. ઘરમાં સતત કંઇક ખખડતું રહેતું, ઉપર ઉપરથી હસતો દેખાતા પરિવારનાં ઘરમાં કચકચનો વાયરસ સંબંધની શાંતિને કરપ્ટ કરી નાંખે છે... પણ આ કોઇને ના કહી શકાય એવી જ વાત!

આપણા બાળકોની વાતો, ફરિયાદો, આડોડાઇ, જક્કીપણું બીજા પાસે કરવાં જાવ એટલે આપણી પીઠ ફરતાં જ એની ચર્ચા ચાલુ થાય, 'આ આજનાં સંસ્કાર, આ આમનો આદર્શ, ખાલી પૈસા પાછલ પડેલા, બાળકો તરફ માત્ર દુર્લક્ષ...' મોં બંધ રાખી ફેંટોનો માર અને છોકરાઓ માત્ર માથાભારે. એમને તો સમજાવી શકાય જ નહીં. બાળકોને મા-બાપ એટલે નોટ રિચેબલ જ લાગે. એમની વાતો એમનાં નેટવર્કમાં પકડાય જ નહીં. એમની સાથે વાતચીત થઇ જ શકે નહીં. એવાં આઉટ ડેટેડ, અને આમ જ પછી ઘરમાં ઊભી થઇ જાય ગેરસમજોની દિવાલો, મા-બાપ અને સંતાનો વચ્ચે ચણાય 'ચીની દિવાલ' અને અકળામણની હાર્ડ ડિસ્ક, કયાંક સંતાપ તો કયાંક ઉકળાટ...



આજકાલના નાલાયક છોકરા-છોકરીઓ બહુ ચર્બી કરે છે એવું મા-બાપનું કહેવું છે એનો તમારો શો જવાબ છે? એવું એક કૉલેજના ગેટ પાસેનાં પાંચ-સાત છોકરા-છોકરીઓને પુછ્યું તો એમણે તો કારણોની લાંબી લાઇન લગાડી દીધી. આજે આ વિષય માંડવા પાછળનું એક જ કારણ કે યુવાનોનાં પ્રશ્નો અને મા-બાપની વર્તણૂંકનો મેળ બેસાડી સંવા વગરનાં બનેલાં ઘરમાં પ્રેમાલાપ થાય. લાગણી-પ્રેમને ખાતર મળે અને મા-બાપ દીકરા-દીકરીઓ હસતાં હસતાં ઘરને દિવાલમાંથી સ્વીટ હોમ બનાવે એવો પ્રયત્ન...

પરિણીતાએ એની વાત ચાલુ કરી,'હું જોબ કરૂં છું, સવારે સાડા આઠે ઘર છોડું, બે બસ બદલી નોકરીએ પહોંચું, આખા દિવસની થાકેલી પાકેલી ઘરે આવું અને હજી તો ઉંબરે પગ મૂકું ત્યાં મમ્મી કામ સોંપવાના ચાલુ કરે, પપ્પા યે જો ઘરમાં હોય તો એ પણ શરૂ થઇ જાય. સતત બડબડ ચાલુ થાય, આ કર પેલું કર, આ કામ કર્યું કે? પેલું કામ કેમ કર્યું નહીં? ફકત પ્રશ્નોનો પહાડ, અરે, હું થાકીને ઘરે આવી છું, જરા શ્વાસ તો લેવા દો, પાણી તો પીવા દો. પછી હું પણ એમનાં તરફ જોતી જ નથી, એમનું સાંભળતી નથી, મોઢું બંધ કરી દઉં છું. કરેલા કામોની કોઇ કદર નહીં, તમારી ગાળો જ ખાવાની ને? તો પછી કામ જ કરતી નથી. પપ્પા કહે છે તું છે જ કામચોર. ભટકવું ગમે છે, લટક મટક ફૅશન પણ કામની વાત આવે એટલે જોર ચઢે છે. પણ તું તો શાંત જ રહું છું.'

ઘર એટલે જેલ જ લાગે છે, ઘરે પાછા જવાની ઇચ્છતા જ થતી નથી. કારણ ઘરે આવીએ એટલે અપમાન શરૂ. દરેકના કેટલાંક મુદ્દાઓ પરિક્ષામાં કરેલી કાપલી જેવા કોમન. મફતના રોટલાં તોડે છે, બસ નખરાં કરતાં ફરે, પેલાંનાં છોકરા-છોકરીઓ જુઓ, આનાં કરતાં તો અમારે બાળકો ના હોત તો વધુ સારૂં થાત' આ એકદમ સર્વસામાન્ય બાબતો સૌનાં મોઢા સાંભળવા મળે, યંગસ્ટર્સ કહે શું કામ ટાઇમે ઘરે પહોંચવાનું? આવી બબાલ સાંભળવા જ ને? અને ખાલી સાંભળીને શાંત બેસીએ તોય ચાલે નહીં. હવે મોં કેમ બંધ કર્યુ છે? મોંમાં મગ ભર્યા છે? અને જો મોં ખોલ્યું તો પાછો સામો બોલે છે? આપું એક ખેંચીને બોચીની નીચે?

હવે તમે જ કહો કે અમારે શું કરવાનું? બોલીએ તો ફાયરીંગ અને ના બોલીએ તો અપમાન, એટલે પછી એનાં ઘરે સમયસર ના પહોંચવું એ જ સહેલું પડે છે, કમસેકમ કયાં અટવાઇ કે અટવાયો કરતાં આપણી ચિંતા તો કરે? સાનીયાએ એની વાત ચલાવી, 'મારા ઘરમાં રેડિયો મિર્ચી વાગે તોય મમ્મી-પપ્પાને મરચાં લાગે છે. સિનેમા-મોબાઇલ પર તો પ્રતિબંધ જ છે, પછી હું કૉલેજની કેન્ટીન કે પછી બોમ્બે દાબેલીવાળાને ત્યાં ગીતો સાંભળતી બેસી રહું છું. ઘરે જઉં એટલે મારા પપ્પાની જબરદસ્ત ધાક અને કારણ એક જ હું કયાંક 'અફેર' તો નહીં કરી બેસું ને? અને બસ એમની ધાકની સામે બળવો પોકારવાં જ મેં ઘરે મોડા જવાનું ચાલું કર્યું, બે-ચાર બોયફ્રેન્ડ બનાવી લીધાં. અરે અફેર પણ કર્યું અને એમાં છોકરો ગમ્યો એટલે નહીં પણ પપ્પાને ચેલેન્જ કરવાની ગણતરી વધારે.' અને આ બળવો જ છોકરીઓને ફસાવે છે, મા-બાપને વધુ પડતો કડક ચોકી પહેરો કયારેક દીકરીને લફરૂં કરતાં કે છોકરાને સિગારેટ - ગુટખા - જુગાર ને રવાડે ચડાવી દે છે!!

આની સામે મા-બાપ કહે છે કે અમે પુષ્કળ ફ્રિડમ અમારાં બાળકોને આપીએ છીએ. ખાવું-પીવું - કરડાં - લત્તાં - લાડ-કોડ-શિક્ષણ બધું જ કરીએ છીએ, પણ આ ઉદ્ધટો, અક્કલનાં ઓથમીરોની અમારી લાગણી, અમારો એમનાં પ્રત્યેનો ભાવ દેખાતો જ નથી. એમને અમે આ મોંઘવારીમાં પિસાઇને,મરી મરીને કામ કરીએ છીએ એ દેખાતું જ નથી? એમની ટ્યુશન ફી, મોબાઇલ - કપડાં - વ્હીકલનાં ખર્ચાનાં હપ્તામાં અમારી કેડ વળી જાય છે, અમે જીન્સને બદલે પાયજામો પહેરી મનમનાવીએ છીએ, બ્રાન્ડેડ સાડીની જગ્યાએ, સાડી સેલની જાહેરાતોમાં સસ્તી સાડી ગોતીએ કે એકાદ કામ ઓછું બંધાવી, જાતે કામ કરી પૈસા બચાવી, આ બધું કોના માટે? સમજે એના માટે ઘણું બધું છે...

આશ્વાસન લેવાં જેવી વાત એ પણ છે કે ઘણાં બધાં યુવક - યુવતીઓને એમનાં મા-બાપની આ હાડમારી ખટકે છે. મમ્મી પપ્પાને રોજરોજ કામ કરતાં જોઇ, વાત વાતમાં એડજેસ્ટમેન્ટ કરતાં જોઇ જીવ બળે છે, કયારે આ શિક્ષણ પતે અને અમે બે પૈસા કમાવી મા-બાપને મદદરૂપ થઇએ એવુંય લાગે છે. આપણે એમને તો કશું આપતા નથી અને એમની પાસે પૈસા માગીએ છીએ એની શરમ પણ આવે છે. પણ અમને જે લાગે છે એ એમને સમજાતું કેમ નથી? અમે મોટાં થયાં છીએ એવું સમજી એ એમની તકલીફોની ચર્ચા અમારી સાથે કેમ કરતાં નથી? કાયમ સંભાળવતાં જ કેમ રહે છે? આડેધડ ખખડાવ્યા કરે છે, અમે ગુન્હેગાર હોઇએ એવું જ અમને ઘરે પહોંચતા લાગે છે, અને એટલે જ ઘરે જવાની ઇચ્છા થતી નથી!!

**ચૂંટલો :**

સ્નેહ અને હૂંફનાં ચણતરમાં વિશ્વાસ અને પ્રેમનાં પાયા પર ઘર ચણાય છે, મા-બાપ અને દીકરા-દીકરીનાં પ્રશ્નો અલગ હોઇ શકે પણ જવાબ તો પરિવારનાં સાનિધ્યમાં જ મળે. જો ઘરનો પ્રશ્ન બહાર ગયો તો 'બ્રેકિંગ ન્યૂઝ' બની મજાકનું સાધન બની શકે.

# આ અખબાર હવે તમારૂં રહ્યું નથી

### કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

ટૂંટિયું વાળીને રબર-બેન્ડમાં કેદ થયેલું અખબાર ઓસરીમાં સાવ બિનવારસી પડ્યું છે. કઇકાલે કોઇક શહેરમાં કત્લ થઇ ગયેલી લાશની વાસ આવે છે એમાંથી. કો'ક ફેક્ટરીમાં ફાટેલી આગનો ધુમાડો ઊઠે છે એમાંથી પણ નુકશાનનાં આંકડાઓ વચ્ચે પેલા મજદૂરની બળેલી છાતીની રાખનો અહેવાલ કયાંય નથી. છાપાનાં પેલા ખૂણે નાની ચોરસ 'અવસાન નોંધ' - જેવી કોલમમાં કોઇ શ્રમજીવી મહિલા પર થયેલા ક્રૂર બળાત્કાર વિસે કોઇ બ્રોશરમાં છાપી હોય તેવી માહિતી છે, ને એ જ છાપામાં પહેલાં પાના પર દિવસે દમકતા ને રાતે સમકતા કોઇ શહેરમાં થયેલા 'રેપ' વિશે 'વિશેષ' અહેવાલ છે - બંનેની એક જેવી જ ચીસો, અલગ અલગ રીતે સંભળાય છે, ને વળી અંદરનાં પાને શહેરની ગપસપમાં ગોળ પેટને ચોરસ મોં ધરાવતાં કોઇ નેતાનાં ઘરમાં ગટરનાં કોક્રોચોએ મૂકેલા ઇંડાનાં ફોટા છે... અખબાર પડ્યું છે ઓસરીમાં ટૂંટીયું વાળીને, સાવ જ બિનવારસી.

હવે આ અખબાર તમારૂં રહ્યું નથી, એમાં તમારાં ઘરનાં મ્યુન્સિપાલિટી લાઇનમાં નળમાંથી આવતું ડહોળું પાણી નથી, એમાં તમારી સોસાયટીનાં ખાબોચિયાંમાં પૈદા થતાં મચ્છરોનો ગણગણાટ નથી. એમાં સરકારી કચેરીનાં ચોથા માળે ખૂણાનાં ટેબલ પર બેસતાં સરકારી કલર્કની દાદાગીરી નથી ને નથી કોઇ મોટા ઓફિસરની રિનોવેટ થયેલી ઓફિસનો હિસાબ - અખબારોનું ગણિત કાચું હોય છે કદાચ... એમાં હજી ચાલીઓ અને વસ્તીઓની દુર્ગંધ એટલી તીવ્રતાથી નથી પ્રવેશી. ફેક્ટરીઓમાં કાળા ધુમાડામાં શ્વાસ લઇ શકે. તેવાં મજબૂત ફેફ્સા નથી એની પાસે. એ ઝૂંપડાઓ માટે દબાણ શબ્દ વાપરે છે ને મોલ માટે વિકાસ શબ્દ... એ ગરીબીને ધબકતી લોકશાહીનાં દેશનાં ફક્ત સામ્યવાદીઓનો વિષય ગણે છે, એને ખાંસી નથી થતી, એને છીંક નથી આવતી... એને જો ટાંકણી મારીએ ને તો લોહી નીકળે... કાળુ લોહી!! કાળુ લોહી - ના છપાયેલા શબ્દોનું - કાળુ લોહી!

આ અખબાર પાસે તમારી ભાષા રહી નથી. એ તમને શીખવાડે છે રોજ સવારે એની ભાષા. એ તમારી ચા નો સ્વાદ પણ નક્કી કરી આપે છે - એ તમને લંચ ટાઇમે ટિફીન કરતાં પણ ઝાયકેદાર ચર્ચાની ભાષા આપે છે. એ નક્કી કરી આપે છે કે ઝાડ નીચે બેસીને પ્રેમ કરવો અનૈતિક છે ને તમારામાં તમારી સંસ્કૃતિ ભષ્ટ થઇ જવાનો ડર 'છાપી'ને આપે છે. એ કોઇ પૂર્તિની કોલમમાં રાત્રે મોડે સુધી મોબાઇલ પર ચેટ કરતી તમારી દીકરીનાં ચારિત્ર્ય વિશે - પણ નિષ્કર્ષ આપે છે ને તમે, તમારી ઓફિસોની રિસેસોમાં સાથે જમતાં સહકર્મીનાં નાજુક કાનમાં કઠોર જ્ઞાન આપો છો. એ બેધડક તમારા નૈતિક મૂલ્યો છાપીને સેટ કરી દેશે, એ તરત સાચા ને ખોટાનો ફેસલો આપી દેશે. એની પાસે તમારા મિત્રનાં નવમા ધોરણમાં રાજય કક્ષાએ જીતેલા સાયન્સ પ્રોજેક્ટ માટે ડાબી બાજુ એક ઊભું નાનું લંચબોક્સ છે, તેના માટે એ ફક્ત 'ફ્લેશ' થાય એવી ન્યૂઝ છે... હા... પણ એની પાસે જગ્યા બધી જાય છે - એ ફુલ પેજ, હાફ પેજ, કવાર્ટર પેજ - આ આપણી ભાષામાં શબ્દો નથી, એમની ભાષામાં શબ્દો છે - ને એમાં હોય છે ગઇકાલ સુધી ચાની કીટલી પર લુખ્ખાઇ કરીને આજે યુવા મોરચાઓ અને સંઘોમાં ચૂટાયેલાં પ્રમુખો, ઉપપ્રમુખો, મંત્રીઓ, ઉપમંત્રીઓ, જમણા હાથ-ડાબા હાથ, સાથે ફરતાં ફોલ્ડરો, ચમચાઓનાં મલ્ટીકલર ફોટા, આ અખબાર પાસે તમારી ભાષા રહી નથી...

આ અખબાર પાસે તમારી વાત કેમ નથી? આ અખબારને તમે પોતાના નઇ લાગતા હો એટલે કે... પછી તમને અખબાર પોતાનું નથી લાગતું એટલે? તમે કંઇ કહેતા કેમ નથી એને? કે પછી એની પાસે કાન નથી? કે પછી એ ફક્ત જુએ જ છે ને સાંભળતું નથી કે પછી એ ફક્ત સાંભળે છે ને જોતું નથી કે પછી સાંભળ્યા - જોયા બાદ કંઇ બોલતું નથી? શું આ અખબાર જીવતું નથી? કદાચ એ રાત્રે છપાય છે ને એટલે એને પ્રેસનાં અજવાળામાં જેટલું દેખાય તે એટલું જ દેખાતું હશે, કેમ કે પ્રેસની ચાર દિવાલોની બહાર તો અંધારૂં હોય છે... એ અંધારાને દૂર કરવું હોય તો અખબારે પેલી દિવાલોની બહાર નીકળવું પડશે, મશાલની જેમ બળવું પડશે, સળગવું પડશે... પ્રેસની અંદરનું અજવાળું બહાર લઇ જવું પડશે... પછી કદાચ જે આજ સુધી ન હતું દેખાયું, એ દેખાવા લાગશે... અખબાર તારે મશાલની જેમ બળવું પડશે... અખબાર તારે મારી ભાષા શીખવી પડશે પછી હું તારા નામનો અર્થ ડિક્શનરીમાં ઉમેરી દઇશ... અખબાર તારે નવી હવામાં શ્વાસ લેવાનો છે - તારે તો તડકો ઓઢવાનો છે, પગનાં તળીયા ઘસવાના છે, ભૂખ જીરવવાની છે, ચીસો સાંભળવાની છે, અવાજો ફેલાવાના છે, તારે ગઇકાલનાં દસ્તાવેજ નથી થવાનું - તારે તો આવતીકાલની ઉદ્‌ઘોષણા કરવાની છે - તારે તો હમામનાં નાગા થઇને કૂદવાનું છે - તું તારા બધાં જ કપડાં કાઢી નાખ, પછી તારે સત્યની વ્યાખ્યા કરવાની જરૂર નહીં પડે... અખબાર, તું સમજે છે ને?

ટૂંટિયું વાળીને રબર-બેન્ડમાં કેદ થયેલું અખબાર ઓસરીમાં સાવ બિનવારસી પડ્યું છે.

-ch9723367947@yahoo.com

# આજના યુવાનોમાં લગ્ન પહેલાંનો પ્રેમ એટલે પુનમની ભરતી અને લગ્ન પછી અમાસની ઓટ

### સમાજ ચિંતન

- પોપટલાલ પ્રજાપતિ

દાંપત્યજીવનની ઈમારત સ્નેહ અને સમર્પણના પાયા પર રચાય છે તેના પર વિશ્વાસનું ચણતર ઈમારતને મજબૂત બનાવે છે, પરંતુ પ્રેમની ઘેલછામાં છલકાતો યૌવનમય કયારેક એટલો બધો છલકાઇ જાય છે કે કયારે તેનું તળીયું દેખાઇ જાય તેનીય ખબર પડતી નથી, કયારેક આ જામ નાની અમથી ઠોકરથી તુટી જાય છે તો કયારેક નાનકડી તિરાડ ધીમે ધીમે આ જામને ખાલી કરી નાખે છે, પરસ્પરનું આકર્ષણ નજીવી વાતે કયારે અપાકર્ષણમાં ફેરવાઇ જાય તે પણ ખબર પડતી નથી. અને આજના યુવાનોનાં હૈયા તો કાચ જેવા હોય છે તેને નંદવાતા વાર લાગતી નથી સફળ દાંપત્ય જીવનમાં શંકાનો પ્રવેશ થાય પછી તેનું સમાધાન કયાંથી મળતું નથી. શંકા ધીમા ઝેર જેવું છે તે ધીમે ધીમે પ્રસરે પણ પરિણામ લાવીને ઝંપે છે.

મયુર અને માધવી લગ્નજીવનની શરૂઆતમાં પ્રેમઘેલા બની એકબીજામાં એટલા ઓતપ્રોત રહેતા કે તેઓ ફરી એકવાર એક નવી પ્રેમકહાનીનું સર્જન કરશે તેમ સૌને લાગતું. માધવી સ્વભાવે ખુબ ચંચળ, મોજીલી અને મળતાવડી હતી. કોઇ પણ અજાણ્યા સાથેય તે ઝડપથી આત્મીયતા કેળવી લેતી. આ તેના સ્વભાવની પારદર્શિતા હતી તેને મળનાર પ્રત્યેક ને એવો અહેસાસ થતો કે જુનો સંબંધ જાણે ફરી તાજો થયો. મયુર તેનાથી તદ્દન વિરૂદ્ધ સ્વભાવનો, એકલપટો અને અતડો સ્વભાવ, તે વગર બોલાવ્યે કોઇને કોમ છો? તે પણ ન કહે એવું તેનું વ્યક્તિત્વ હતું. જો કે હોંશિયારી અને દેખાવમાં તે કોઇને પણ ટક્કર મારે તેવો હતો અને આ જ કારણે તે માધવીના દિલમાં વસી ગયો હતો. પણ બાહ્ય આકર્ષણ કયારેક છેતરામણું નીવડે છે, સમય જતાં માધવીને પણ મયુરના અસલ સ્વભાવનો પરિચય થતો ગયો તેમ તેમ તે પસ્તાવા લાગી. તેને ઝડપથી એ સમજાઇ ગયું કે કેવળ હોંશિયારી કે સુંદરતા કયારેક વ્યવહારિક વાસ્તવિકતાથી ઘણી દૂર હોય છે. વાચન સમૃદ્ધિ કે યાદશક્તિ તમને હોંશિયાર બનાવી શકે પણ આ હોંશિયારી કયારેક સમાજ સાથે તાલમેલ સાધી શકતી નથી. વાસ્તવિકતાથી તે ઘણી દૂર હોય છે.

ન્યૂટન જેવા મહાન વૈજ્ઞાનિકે નાની માટી બે બિલાડીને નિકળવા બે નાના કાણા મોટા કાણા પાડેલા તેમજ... મયુરનું જીવન અને સ્વભાવ પણ કંઇક આવો જ હતો. જયારે પત્ની તરીકે માધવી મેધાવી હતી પણ તેનું જતન કરવામાં મયુર સંપૂર્ણ નિષ્ફળ નીવડ્યો હતો. માધવી કોઇની સાથે હસીખુશીથી વાતો કરે તો મયુર તેના પર શંકા કરતો. પત્નીની સુંદરતા કયારેક પતિને શંકાશીલ બનાવે છે, મોબાઇલ પર કોઇની સાથે પાંચ મિનિટથી વધુ વાતો ચાલે એટલે તરત તેના મનમાં શંકાના વમળો સર્જાતા. આવા પ્રત્યેક પ્રસંગે માધવીને ખુલાસા કરવા પડતા, એટલે સુધી કે માનવીને શાકભાજી લેતાં કોઇ શાકવાળા સાથે ભાવતાલ કરતાં સમય લાગે તો મયુર તરત ઘરની બહાર નીકળી ઊભો રહેતો. તેના શંકાશીલ સ્વભાવે ત્યારે હદ કરી કે એક વાર માધવી પિયર ગઇ ત્યારે તેને માધવીને ફોન કર્યો, અને આ વાતચીત દરમિયાન માધવીને સ્પીકર ચાલુ રાખવાનું કહ્યું, તેની બાજુમાં કોઇ વાત કરતું હોય તો ખબર પડે અત્યાર સુધી માધવીએ સ્વભાવના ભોગે આ બધું સહન કર્યું પણ હવે તેને અકળામણ થવા લાગી, પતિ જાણે સતત તેની ચોકી કરતો હોય એવું તેને લાગતું. તેની સ્વતંત્રતા પર આ તરાપ હતી. છતાં પતિની શંકા દુર કરવા તેને મોબાઇલનો ઉપયોગ બંધ કરી દીધો, કારણ કે તે લગ્નજીવન ટકાવવા માગતી હતી.

જો કે તેને અણસાર આવી ગયો હતો કે આ પાણીએ મગ ચઢે તેમ નથી. લગ્નજીવન બચાવવા તે કોઇ કસર છોડવા માગતી ન હતી. કદાચ કોઇ એવી સંવેદનશીલ વાત આવે અને મયુરનાં શંકાશીલ સ્વભાવમાં પરિવર્તન આવે. જિંદગીમાં પ્રત્યેક વ્યક્તિને ઠોકરો વાગતી હોય છે, આ ઠોકર કદીક માનવને વિદ્રોહી બનાવે છે તો કયારેક તેની જિંદગીનો માર્ગ બદલાઇ જાય છે. માનવ ઉજળા ભવિષ્યની આશાએ જ જિંદગી વિતાવે છે. પણ માધવીની સહનશીલતા ત્યારે મર્યાદા વટાવી ગઇ જયારે તે પતિ સાથે કોઇ કૌટુંબિક લગ્નમાં ગઇ ત્યાં તેના સંબંધી યુવાન સાથે શૅકહેન્ડ કર્યા... કતરાતી આંખે મયુરે આ જોયું અને અવસર વિત્યે તેઓ જયારે ઘેર આવ્યા ત્યારે મયુરે મર્દાનગી બતાવી.... મારી હાજરીમાં તું પરાયા પુરૂષ સાથે હાથ મીલાવે તે કેમ ચાલે? તમારે કેવા સંબંધો છે તે શી ખબર?

... અને મયુરના નિર્લજ વર્તાવથી માધવીના રોમ રોમમાં આગ પ્રગટી... કોઇ પણ સ્ત્રી પોતાના ચારિત્ર્ય સામે આંગળી ચિંધ્યા ત્યારે તે વિફરેલી વાઘણ બની જાય છે પછી તે ક્રોધ પરનો કાબૂ ગુમાવી બેસે છે. તેણે વિચાર્યું આવા નબળા મનના માનવી સાથે આયખું કેમ કરીને વિતાવવું? શંકાશીલ માણસો મતિશૂન્ય હોય છે તેમની શંકાનું ઓસડ કયાંય મળતું નથી સ્ત્રી સહનશીલ છે, ત્યાગ અને સમર્પણ કરી જાણે છે પણ એના આત્મસન્માનને ઠેસ પહોંચે પછી તે મક્કમ બની ગમે તેવી પરિસ્થિતિનો મુકાબલો કરી જાણે છે. મયુરના સ્વભાવમાં સુધારો શક્ય ન હતો તેથી માધવીએ પતિથી અલગ થવાનો મનોમન નિર્ણય કરી લીધો. સગાસંબંધીઓની હાજરીમાં સ્ટેમ્પ પર એણે ફારગતી દસ્તાવેજ કરાવી લીધો. એણે ન તો પતિ પાસે ભરણપોષણની માગણી કરી કે ન તો દહેજધારાની કલમનો ઉપયોગ કર્યો. એણે ખુમારીથી સસરાને કહી દીધું, જેની માનસિકતા મરી પરવારી હોય એવા નિર્માલ્ય માનવીને મારવાથી શો ફાયદો? નબળા મનના માનવી સામે સંઘર્ષ કરી મારે દિવાલ સાથે માથું નથી પછાડવું...

ફરી ફરીને એક જ પ્રશ્ન થાય છે કે યૌવનને થયું છે શું? એની માનસિકતામાં પડેલો સડો કેવી રીતે દૂર થઇ શકે? સમજાતું નથી તેમનો આદર્શ શો છે? દાંપત્યજીવન અંગેની તેમની વ્યાખ્યા શી છે? ધર્મ અને સંસ્કૃતિ અંગેની તેમની વિચારધારા કેવી છે? ફરજ અને જવાબદારી અંગે તેઓ શું વિચારે છે? પતિ-પત્ની વચ્ચેના સંબંધ બાબત તેમનો દૃષ્ટિકોણ કેવો છે? સામાજિક પરંપરા અને રિવાજોમાં તેમની શ્રદ્ધા છે કે કેમ? 'પ્રેમ' અંગેની તેમની વ્યાખ્યા શી છે? કયાંક તમાકુનું સેવન, કયાંક શરાબની મહેફિલ, કયાંક બાઇકર્સ ગેંગનો તરખાટ કયાંક ગેંગરેપનો અતિરેક, કયાંક પરિવાર સામે વિદ્રોહ કરી કરાતા લગ્નો, કયાંક વડીલોની અવગણના, કયાંક વિના કારણ તૂટતા જતા દાંપત્યજીવન, સમસ્યાઓ વિકરાળ છે, વડીલોની મુંઝવણનો પાર નથી હવે તો કાનુડાને યાદ અપાવીએ ગીતામાં આપેલું એનું વચન... **"યદા યદા હિ ધર્મસ્ય..."**

**(સત્ય ઘટના પર આધારીત)**